‘ મહિલા સશકિતકરણ ’ વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓના સંદર્ભમાં – એક અભ્યાસ

પ્રસ્તાવના :–

વિશ્વ આજે ૨૧મી સદી તરફ કૂચ કરી રહયુ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ઝડપી વિકાસને કારણે વિશ્વમાં આજે સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનો આવી રહયા છે. જેને કારણે વિશ્વમાં મહિલાનો દરજજો અને ભૂમિકામાં પણ ઝડપથી પરિવર્તનો આવી રહયા છે. છતા આજે વિશ્વના ઘણા દેશોમાં મહિલાઓને શિક્ષણ, આરોગ્ય અને પોષણ, પ્રજનન નિયંત્રણ, કૌટુંબિક અને સમાજ સ્તરની નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી, આવક મેળવવાનાં અથવા ઘરની બહાર કામ કરવાના, ધિરાણ મેળવવાના, મિલકતના વારસામાં તેમજ જમીન માલિકીના અધિકારનો અભાવ જોવા મળે છે.

ભારતીય બંધારણમાં સમાન ન્યાય અને સ્વતંત્રતાના મૂલ્યોને ઘ્યાનમાં રાખીને સામાજિક વ્યવસ્થામાં મહિલાઓનું રક્ષણ, ઉત્કર્ષ અને સમાજમાં તેમને સ્થાન પ્રાપ્ત થાય તેમજ તે પુરૂષ સમોવડી બને તેમને વિવિધ અધિકાર મળે તે માટે લગ્ન, મિલકત, છુટાછેડા, ભરણ–પોષણ, વેતન, દહેજ, અનૈતિક દમન, હિંદુવારસા હકક, પ્રસૂતિલાભ વગેરે સંબધિત અનેક કાયદાઓ ભારતમાં અમલી બન્યા છે.

આજે ભારત દેશમાં સરકાર દ્વારા વિભિન્ન પ્રકારનાં ખ્યાલો પ્રચલિત બન્યા છે જેવાકે **ભારત નિર્માણ**, **સાયનીગ ઈન્ડિયા, ફીલગુડ**, **Socio Economic Development, Main Stream, National Building Process, Grass Root Administration, Good Governance** વગેરે ખ્યાલોનું વાસ્તવિક સ્વરૂપ ગ્રામ્ય વિસ્તારની દબાયેલી, કચડાયેલી મહિલાઓના સશકિતકરણ અને ભાગીદારી વિના શકય બની શકે એમ નથી. આથી મહિલાઓ પોતાના અધિકારોના મુદે જાગૃત બને, મહિલા હોવાનું ગૌરવ અનુભવે અને તેમને ગૌરવપૂર્ણ જિંદગી જીવવાની તક મળે તે માટે મહિલા સશકિતકરણ આવશ્યક છે.

અભ્યાસનું મહત્વ :–

ભારતના ભૂતપૂર્વ રાષ્ટપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના મતે **સારા રાષ્ટ્રના નિર્માણ માટે મહિલા સશકિતકરણ એ પૂર્વશરત છે.** . મહિલા સશકિતકરણ આવશ્યક છે, કારણકે જો મહિલા સશકત હશે તો સમાજમાં સ્થિરતા આવશે, તેના મૂલ્યો અને વિચારો સારા કુટુંબના વિકાસ તરફ દોરી જશે. સારું કુટુંબ સારા સમાજમાં પરિણમશે અને અંતે સારા રાષ્ટ્રનું નિર્માણ થશે. મહિલા ત્યારે જ શકિત પ્રાપ્ત કરશે જયારે પુરુષ અને મહિલા બંને એક બીજાને માન આપશે અને મહિલાના ફાળાને સ્વીકારશે.

ઈ.સ. ૧૯૯૫ માં ચીનના બેજિંગ ખાતે સયુકત રાષ્ટ્રો તેમજ Women's world foundation and Associated countries woman of the world જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના સહકારથી યોજાયેલ વિશ્વ મહિલા સંમેલન દ્વારા ગ્રામીણ મહિલાઓની સમસ્યાઓ પ્રત્યે વિશ્વનું ધ્યાન દોરાયું છે. તેના પ્રત્યે લોકો જાગૃત બને, મહિલાઓમાં જાગૃતિ આવે અને મહિલાઓ સમાજમાં મહત્વના ક્ષેત્રોમાં અસરકારક ભૂમિકા ભજવી રહી છે તેનો સામાન્ય લોકોને ખ્યાલ આવે તે માટે ૧૫મી ઓકટોબરને **ગ્રામીણ મહિલા દિન** તરીકે ઉજવવામાં આવે છે. ભારતમાં ૨૦૦૧ ના વર્ષને **મહિલા આંતરરાષ્ટ્રીય વર્ષ** તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. અને વિશ્વ કક્ષાએ યુ.એન. દ્વારા ૮મી માર્ચને **આંતરરાષ્ટ્રીય મહિલા દિન** તરીકે ઉજવાય છે.

U.N.D.P. રિપોર્ટ (૧૯૯૫) દર્શાવે છે કે, વિશ્વના ૬૭% કામો મહિલાઓ દ્વારા કરાય છે. વિશ્વની કુલ કમાણીના ફકત ૧૦% મહિલાઓના ફાળે છે. જયારે વિશ્વની કુલ મિલકતોમાંથી માત્ર ૧% મિલકતો જ તેમની માલિકીની છે, જે કામ, આવક અને માલિકી હકકોમાં અસામાનતા બતાવે છે.

મહિલા સશકિતકરણ એ માનવ વિકાસનો જ એક આંતરિક ભાગ છે. દેશના માનવ સંસાધન શ્રમદળમાં મહિલાઓ ૧/૩ જેટલો હિસ્સો ધરાવે છે. દેશના વિકાસમાં જયાં સુધી મહિલાઓને એક મજબૂત અને સુદઢ બળ બનાવવામાં ન આવે ત્યાં સુધી દેશનો વિકાસ, પ્રગતિ અને સમૃધ્ધિ શકય નથી. માટે મહિલાઓનું આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સશકિતકરણ કરવું એ તાકીદની જરૂરિયાત છે. સશકિતકરણ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. જે વ્યકિતઓ અને વ્યકિતઓના જૂથોને જીવનના તમામ ક્ષેત્રમાં તેમની સંપૂર્ણ ઓળખ અને શકિતઓ ખીલવવા માટે સક્ષમ બનાવે છે. આથી મહિલાઓના સશકિતકરણ માટે બહુપરિમાણીય પગલાની વ્યુહરચના જરૂરી છે.

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયના વલસાડ જીલ્લાના ગ્રામીણ મહિલા સશકિતકરણ અંગેનો છે. રાજયના દક્ષિણ ભાગમાં આવેલો વલસાડ જીલ્લો મુખ્યત્વે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ધરાવતો જીલ્લો છે. જેમાં લગભગ ૮૧% મહિલાઓ ખેતીક્ષેત્રમાં રોકાયેલ છે. જીલ્લાના ગ્રામીણ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિ મહિલાઓનું પ્રમાણ નોંધપાત્ર છે, તથા સામાજિક અને આર્થિક પ્રવૃતિઓમાં મહિલાઓનું નોંધપાત્ર યોગદાન છે. છતાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે શિક્ષણ,આરોગ્ય અને પોષણ,રોજગારીની તકો,કાયદાકીય જાગૃતિ,નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી, સમાજમાં દરજ્જો વગેરે બાબતોમાં અસમાનતા જોવા મળે છે. આ અગાઉ વલસાડ જીલ્લામાં મહિલા સશકિતકરણ વિશે કોઈ સંશોધનો થયેલ નથી. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યુ છે.

સમસ્યા કથન (Statement of problem) :–

‘ મહિલા સશકિતકરણ ’ વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓના સંદર્ભમાં – એક અભ્યાસ

સશકિતકરણનો અર્થઃ– " સશકિતકરણ એટલે ક્ષમતાનું નિર્માણ કરવું " વિશ્વ બેંકની ' સોર્સ બુક ' માં અપાયેલી વ્યાખ્યા મુજબ

" સશકિતકરણ એટલે ગરીબ લોકોના જીવનને અસરકર્તા જવાબદેહ સંસ્થાઓમાં તેમના નિયંત્રણ, વગ અને સહભાગિતાની ક્ષમતાને વધારવાની પ્રક્રિયા."

ગ્રામીણ વિસ્તારની મહિલા સશકિતકરણ માટેના અભિગમોને વિસ્તૃત રીતે ચાર વિભાગમાં વહેચી શકાય.

- શૈક્ષણિક સશકિતકરણ
- આર્થિક સશકિતકરણ
- સામાજિક સશકિતકરણ
- કાયદાકીય સશકિતકરણ
- રાજકીય સશકિતકરણ

અભ્યાસના હેતુઓ (Objectives) :–

૧. વલસાડ જીલ્લાની ગ્રામીણ મહિલાઓનું શિક્ષણ, આરોગ્ય અને પોષણ ની પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

૨. ગ્રામીણ મહિલાઓની આર્થિક પ્રવૃતિઓનો અભ્યાસ કરવો.

૩. આર્થિક, સામાજિક અને કૌટુંબિક સ્તરે નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીનો અભ્યાસ કરવો.

૪. ગ્રામીણ મહિલાઓની રાજકીય ક્ષેત્રે ભાગીદારી અને જાગૃતિનો અભ્યાસ કરવો.

૫. ગ્રામીણ મહિલાઓના હકકો અને કાયદાકીય જાગૃતિનો અભ્યાસ કરવો.

૬. ગ્રામીણ મહિલાઓના સશકિતકરણમાં કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની ભૂમિકાનો અભ્યાસ કરવો.

૭. ગ્રામીણ મહિલાઓના સશકિતકરણમાં સહકારી આર્થિક પ્રવૃતિઓની ભૂમિકા તપાસવી.

૮. ગ્રામીણ મહિલાઓના સશકિતકરણમાં બિનસરકારી સંગઠનો (NGOs)ની ભૂમિકાનો અભ્યાસ કરવો.

અભ્યાસની ઉત્કલ્પનાઓ (Hypothesis) :–

૧. ગ્રામીણ મહિલાઓનું શિક્ષણ સ્તર નીચું છે.

૨. ગ્રામીણ મહિલાઓનું આરોગ્ય નબળુ છે.

૩. ગ્રામીણ મહિલાઓનું જીવનધોરણ નીચું છે.

૪. આર્થિક, સામાજિક અને કૌટુંબિક નિર્ણયો લેવામાં મહિલાઓની ભાગીદારી ખૂબ ઓછી છે.

૫.ગ્રામીણ મહિલાઓની રાજકીય ક્ષેત્રે ભાગીદારી ઓછી છે.

૬. ગ્રામીણ મહિલાઓમાં પોતાના હકકો વિશેની કાયદાકીય જાણકારી નહિવત છે.

૭. ગ્રામીણ મહિલાઓ માટે રોજગારીની તકો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ નથી.

૮. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં સરકારની યોજનાઓ મહદઅંશે મદદરૂપ થાય છે.

૯. ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં સહકારી આર્થિક પ્રવૃતિઓ મહદઅંશે મદદરૂપ થાય છે.

૧૦.ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણમાં બિનસરકારી સંગઠનો (NGOs) મહદઅંશે મદદરૂપ થાય છે.

અભ્યાસનું કાર્ય ક્ષેત્રઃ–(Scope) :-

અભ્યાસનું કાર્યક્ષેત્ર વલસાડ જિલ્લાના પાંચ તાલુકા જેવાકે વલસાડ, ધરમપુર, કપરાડા, પારડી અને ઉંમરગામમાં રહેતી ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ અંગેનો છે.

અભ્યાસની પદ્ધતિ (Methodology) :-

પ્રસ્તૃત અભ્યાસનું વર્ણન નીચે મુજબ છે.

માહિતી એકત્રિકરણ

પ્રસ્તૃત અભ્યાસ પ્રાથમિક આંકડાકીય માહિતી ઉપર આધારિત છે. જે માહિતી પ્રશ્નાવલી દ્વારા રૂબરૂ વ્યક્તિગત મુલાકાત લઈને એકત્રિત કરી છે. અભ્યાસના અનુસંધાનમાં પ્રશ્નાવલી તૈયાર કરી હતી. જેના દ્વારા મહિલા સશક્તિકરણના વિવિધ પ્રશ્નોને લગતી માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

૧. પ્રાથમિક આંકડાકીય માહિતી :

પ્રસ્તૃત અભ્યાસ પ્રાથમિક આંકડાકીય માહિતી ઉપર આધારિત છે. અભ્યાસના વિષયના અનુસંધાનમાં કેટલીક ચોકક્સ માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલી, રૂબરૂ મુલાકાત, સ્થળગત નિરિક્ષણ જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો

છે. ગ્રામીણ વિસ્તારની મહિલાઓના સશકિતકરણના અભ્યાસના હેતુઓને અનુરૂપ પ્રાથમિક માહિતી મેળવવા માટે પ્રશ્નાવાલી તૈયાર કરીને સંશોધનના વ્યાપવિશ્વ (SCOPE) માંથી નમૂનો પસંદ કરીને તેમની પાસેથી રૂબરૂ માહિતી ભેગી કરવામાં આવી છે.

નિદર્શની પંસદગી :–

પ્રસ્તુત સંશોધન વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં આવેલ વલસાડ જીલ્લો છે.જિલ્લામાં આવેલા કુલ પાંચ તાલુકા પૈકી દરેક તાલુકામાંથી યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા તાલુકા કેન્દ્રની નજીક અને દૂર આવેલા ગામોની પસંદગી કરવામાં આવી છે. વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી અંગેની માહિતી કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક

નમૂના પંસદગી :–

અ.નં.	તાલુકાનું નામ	કુલ ગામો	પસંદ કરેલ ગામોની સંખ્યા	પસંદ કરેલ ગામનું નામ	પસંદ કરેલ મહિલાઓની સંખ્યા
૧	વલસાડ	૮૯	૨	અબ્રામા	૨૫
				ફલધરા	૨૫
૨	ધરમપુર	૧૦૭	૨	બિલપુડી	૨૫
				સોનદર	૨૫
૩	કપરાડા	૧૩૦	૨	વારોલી તલાટ	૨૫
				ભૂરવડ	૨૫
૪	પારડી	૭૬	૨	નેવરી	૨૫
				મોટી તંબાડી	૨૫
૫	ઉંમરગામ	૫૦	૨	પૂનાટ	૨૫
				અંકલાસ	૨૫
કુલ		૪૫૨	૧૦		૨૫૦

પ્રશ્નાવલીનું પૂર્વ પરીક્ષણઃ–

શરૂઆતના તબક્કામાં ગ્રામીણ મહિલાઓની રૂબરૂ મુલાકાત લીધી અને કુટુંબની તેમજ મહિલાઓની વ્યકિતગત માહિતી એકત્રિત કરવા માટે પંદર પાયલોટ પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાઓ દ્વારા અપાયેલ પ્રતિભાવોને આધારે જરૂરી સુધારા કરી વિગતવાર માહિતીસભર બનાવી પ્રશ્નાવલીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. પ્રશ્નાવલીમાં ચાર વિભાગો મળીને કુલ ૧૦૮ પ્રશ્નો સમાવ્યા છે.

૨.ગૌણ આંકડાકીય માહિતી :

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય સ્ત્રોત પ્રાથમિક માહિતી જ હતી પરંતુ સંશોધનમાં ચોકક્સતા લાવવા કેટલીક ગૌણ માહિતીનો ઉપયોગ કર્યો છે. અભ્યાસને લગતી કેટલીક માહિતી સંશોધનને લગતા પુસ્તકો, પીએચ.ડી. થીસીસો, સંશોધન લેખો, કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા પ્રકાશિત વસ્તી ગણતરી, સામયિકો, અહેવાલો તેમજ વિવિધ વેબસાઈટના માધ્યમ દ્વારા મેળવવામાં આવી છે.

માહિતીનું વિશ્લેષણઃ–(Analysis) :-

વલસાડ જિલ્લાની ગ્રામીણ મહિલાઓ અંગેની માહિતી પ્રશ્નાવલી દ્વારા એકત્રિત કર્યાબાદ આ માહિતી SPSS (Statistical Package for Social science) નામના સોફટવેરમાં દ્વિપક્ષીય કોષ્ટકો મેળવી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.ઉપરાંત વિશ્લેષણ માટે કેટલાક માપો જેવાકે મધ્યક, પ્રમાણિત વિચલન, સહસંબંધાકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિકલ્પના પરિક્ષણ માટે X^2 test નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અભ્યાસની મર્યાદાઓ (Limitations) :-

૧. પ્રસ્તુત અભ્યાસ વલસાડ જીલ્લાના પસંદ કરેલા ૧૦ ગામોની મહિલાઓ પુરતો જ મર્યાદિત છે.

૨. અભ્યાસ માટે પ્રશ્નાવલીનો સમય ગાળો ૨૦૧૦–૨૦૧૧ નો છે.

૩.પ્રશ્નાવલીના આધારે જે કંઈ વ્યકિતગત માહિતી પ્રાપ્ત થઈ છે. તેને સાચી માનીને મળેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલું હોવાથી તે સંપૂર્ણ સાચું ન પણ હોય તેવી સંભાવના રહેલી છે.

૪.મહિલાઓ પાસેથી માહિતી મેળવવા માટે જે પ્રશ્નાવલીની રચના કરવામાં આવી હતી તેમાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક,કાયદાકીય અને રાજકીય પ્રશ્નો પુછાયા હોવાથી મહિલાઓ તેમના જવાબ આપતા સંકોચ અનુભવતી હતી. આથી જે માહિતી આપવામાં આવી છે તે ભરોસાપાત્ર છે. તેમ માનીને તારણો મેળવવામાં આવ્યા છે.

આમ છતાં આ અભ્યાસ માટે મહિલાઓની રૂબરૂ મુલાકાત લઈ ચર્ચાઓ કરી આ અભ્યાસ વધુ અર્થપૂર્ણ તેમજ જ્ઞાનસભર બને તેની કાળજી લેવામં આવી છે.

પ્રકરણ યોજના (Chepter Planing) :-

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ માહિતીના આધારે કરવામાં આવેલ વિશ્લેષણને નીચે પ્રમાણે   પાંચ પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યું છે.

- **પ્રકરણ–૧.** પ્રકરણ એકના બે વિભાગ પાડવામાં આવ્યા છે.

વિભાગ–૧

પ્રથમ વિભાગમાં વિષય પ્રવેશ –પ્રસ્તાવના, સશકિતકરણ અને મહિલા સશકિતકરણની વ્યાખ્યા તેમજ મહિલા સશકિતકરણ માટેના નિર્દેશકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

- શૈક્ષણિક સશકિતકરણ
- આર્થિક સશકિતકરણ
- સામાજિક સશકિતકરણ
- કાયદાકીય સશકિતકરણ
- રાજકીય સશકિતકરણ

મહિલા સશક્તિકરણના પરિમાણોની વિકસિત અને અલ્પવિકસિત દેશો સાથે તુલના કરવામાં આવી છે.વિશ્વના વિભિન્ન દેશોની સંસદમાં મહિલાઓની સંખ્યા અને ટકાવારી તેમજ સહકારી ક્ષેત્ર અંગે વૈશ્વિક કક્ષાએ વિચારો વગેરેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

વિભાગ–ર

બીજા વિભાગમાં અભ્યાસનું મહત્વ, હેતુઓ, પરિકલ્પનાઓ, કાર્યક્ષેત્ર, અભ્યાસ પદ્ધતિ, અભ્યાસના સ્ત્રોત , અભ્યાસનો સમયગાળો, અભ્યાસની મર્યાદા તેમજ પ્રકરણ યોજના અંગેની વિસતૃત ચર્ચા કરવામાં આવી છે.

- **પ્રકરણ–ર.** મહિલા સશકિતકરણ સબંધિત સાહિત્યનું અવલોકન કર્યુ છે.
- **પ્રકરણ–૩.** પ્રકરણ ત્રણના બે વિભાગ પાડવામાં આવ્યાં છે.

વિભાગ–૧

ગુજરાતમાં મહિલા સશકિતકરણ(શૈક્ષણિક,આર્થિક, સામાજિક, રાજકીય અને તબિબિ ક્ષેત્રે)અંગેની યોજનાઓ, સહકારી મંડળીઓનો વિકાસ, સ્ત્રી–પુરુષ પ્રમાણ વગેરે માહિતી રજૂ કરવામાં આવી છે.

વિભાગ–ર

વલસાડ જિલ્લાની ઓળખ, આર્થિક–સામાજિક અને વસ્તી વિષયક માહિતી, ગ્રામીણ મહિલાઓ અને તેની પરિસ્થિતિ, સહકારી મંડળીઓ, બિન સહકારી સંગઠનો વગેરે માહિતીની ચર્ચા કરી છે.

- **પ્રકરણ–૪.** ચોથા પ્રકરણમાં ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે

વિભાગ–૧ ઉત્તરદાતાની સામાન્ય માહિતી

પ્રથમ વિભાગમાં પ્રશ્નાવલી દ્વારા મેળવેલ મહિલાઓની વ્યકિતગત માહિતી અને કૌટુંબિક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

વિભાગ–૨ આર્થિક પરિસ્થિતિ

બીજા વિભાગમાં કુંટુંબની આર્થિક પરિસ્થિતિમાં આવક, જાવક,ખર્ચ,બચત,દેવું, જમીન અને પાક વગેરે માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

વિભાગ–૩ મહિલા સશકિતકરણ અંગેની માહિતી

ત્રીજા વિભાગમાં મહિલા સશકિતકરણના નિર્દેશકોની માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે.

- શૈક્ષણિક સશકિતકરણ
- આર્થિક સશકિતકરણ
- સામાજિક સશકિતકરણ
- કાયદાકીય સશકિતકરણ
- રાજકીય સશકિતકરણ

➢ **પ્રકરણ–૫.** સંશોધનના તારણો , સૂચનો અને ભાવિ યોજનાઓ વિષેની ચર્ચા કરવામાં આવી છે.

શોધ નિબંધના અંતે અભ્યાસમાં સહાયરૂપ એવા સંદર્ભ સૂચિ,પ્રશ્નાવલી અને પ્રત્યક્ષ મુલાકાતીઓની યાદી આપવામાં આવી છે.

માર્ગદર્શક

ડૉ. કીર્તિ એસ. ઝાંખરિયા

અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

વડા

(ડૉ. એસ.એસ.રાવ)

અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

સંશોધક

સુમિત્રા જી. પટેલ

સંક્ષિપ્તસંદર્ભ સૂચિઃ–

પુસ્તકો :

- ભાનું પ્રતાપસિંહ, ‘ મહિલા સશકિતકરણ ઔર સરકારી પ્રયાસ ’, ‘ મહિલા સશકિતકરણ ’ ઓમેંગા પબ્લિકેશન, દિલ્હી, ૨૦૧૦
- અંસારી એમ.એ.‘મહિલા ઔર માનવાધિકાર’, જયોતિ પ્રકાશન, જયપુર,૨૦૦૦
- યાદવ વીરેન્દ્ર સિંહ , ‘ મહિલા સશકિતકરણ ’, ઓમેગા પબ્લિકેશન, દિલ્હી, ૨૦૧૦
- શાહ કલ્પના, ‘સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા ’ ગ્રંથ નિર્માણ બોર્ડ ,અમદાવાદ,૧૯૯૭
- દેસાઈ અક્ષયકુમાર, દેસાઈ નીરા ‘ભારતની સ્ત્રીનો પલટાતો દરજ્જો’, આર.આર. શેઠની કંપની,૧૯૮૦
- Chitkara M.G. ‘Women and Social Transformation’ , A.P.H. Publishing Corporation, New Delhi, 2001
- Jayapalan N. ‘Women and Human Rights’ Atlantic Publishers and distributors,New Delhi, 2001

અહેવાલો :

- વલસાડ જિલ્લાની આંકડાકીય રૂપરેખા,૨૦૦૯–૧૦
- વાર્ષિક વહીવટી અહેવાલ,વલસાડ જિલ્લો,૨૦૦૯–૧૦
- મહિલા સશકિતકરણ વર્ષ, જિલ્લા વિકાસ એજન્સી, વલસાડ, ૨૦૦૭
- Census of India, 2001-2011
- Economic Survey, 2001-11
- Socio Economic Review, Gujarat state,2009-10
- Global Gender Gap Report, 2010

Websites :

www.gujarat.gov.in
http://en.wikipedia.org/wiki/womeninindia
www.gujaratindia.com/media/newes-guj.htm?enc=1cufivziehv7d/72gql7ccvhftthfmkej..
www.censusindia.gov.in/CensusData2001/Censusdatafinder/bSries/Industrial...
http://hdrstats.undp.org/en/countries/profiles/IND.html